40. આપે રોકેલ ડ્રાઇવરની કામગીરી અંગે કદાચ કોઇ અસંતોષ અથવા કોઈપણ જાતની ફરિયાદ ઉદભવશે તો અધિકારીની સુચના મળ્યેથી ડ્રાઇવરને તાત્કાલિક બદલવાની વ્યવસ્થા ઠેકેદારે કરવાની રહેશે.
41. ડ્રાઇવરે મોબાઇલ ફોન રાખવાનો રહેશે અને તેનો સંપર્ક નંબર અધિકારીશ્રીને જણાવવાનો રહેશે.
42. વાહન માલિકે ઇન્કમટેક્ષ કાપવા માટે પોતાનું પાનકાર્ડ તેમજ જી.એસ.ટી ની કોપી આપવાની રહેશે.ઓનલાઈન ટેન્ડર ભરો તો બંનેની નકલ અચૂક ચૂકવવાની રહેશે.જો પાન કાર્ડ નહીં આપવામાં આવે તો ૨૦% ઇન્કમટેક્ષ કાપવામાં આવશે.જો જી.એસ.ટી નંબર ની કોપી જોડવામાં આવેલ નહીં હોય તો કોન્ટ્રાકટરે વાર્ષિક ટર્નઓવર વીસ લાખ કરતાં ઓછું છે તેવું રૂપિયા 300 ના સ્ટેમ્પ પેપર પર બાહેધરીપત્ર લખી આપવાનું રહેશે.
43. ઉપરોક્ત શરતો અંગે જો કોઈ વાંધો અગર મદભેદ ઊભો થશે તો તે અંગે નો નિર્ણય લેવાની સત્તા નીચે સહી કરનાર અધિકારી ની રહેશે. આ બાબતમાં કોઈપણ જાતની કાનૂની ગૂંચ કે વિવાદ અંગે પાટણ કોર્ટ ની હકૂમત માન્ય ગણાશે.
44. ટેન્ડર ફકત રજી. પોસ્ટથી સ્વીકારવામાં આવશે.
45. ટેન્ડર ના કવર ઉપર " હાયરિંગ  ઓફ વ્હીકલ ફોર .....................સ.ડિવિ. " લખવું જરૂરી છે.

ઉપરોકત તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અને તમામ હકીકત ઠેકેદારે વાંચી સમજીને કોઇપણ જાતના દબાણ વગર ટેન્ડર ભરીને સહી કરેલ છે, જે તેઓશ્રી ને માન્ય અને બંધનકર્તા રહેશે.

